# એસએમયુઆરએફ (SMURF) ભાગીદારી યોજના

**સસ્ટેનેબલ મેનેજમેન્ટ ઑફ અર્બન રિવર્સ**
**એન્ડ ફ્લડપ્લેન્સનો અમલ**

# શહેરી નદીઓની સ્વીકારવા યોગ્ય વ્યવસ્થા

## એસએમયુઆરએફ પ્રોજેક્ટની વર્કશોપ

### 8-9 માર્ચ 2004, બર્મિંગહામ,યુકે.

શહેરી નદીઓના ઉપયોગની વ્યવસ્થામાં તમને રસ છે ? શહેરી નદીઓના જળગ્રાહી વિસ્તારોના આયોજન અને વિકાસ અથવા વૉટર ફ્રેમવર્ક ડાયરેક્ટિવના અમલની જવાબદારી તમારે શિરે છે? એમ હોય તો, આ વર્કશૉપમાં તમને રસ પડશે.

સસ્ટેનેબલ મેનેજમેન્ટ ઑફ અર્બન રિવર્સ એન્ડ ફ્લડપ્લેન્સ (એસએમયુઆરએફ ) પ્રોજેક્ટ પર્યાવરણના હિતમાં કામ કરતી એજન્સીના નેતૃત્વ હેઠળનો ભાગીદારીનો પ્રોજેક્ટ છે. નદીના મુખપ્રદેશના આયોજનના જે સિદ્ધાંતો વૉટર ફ્રેમવર્ક ડાયરેક્ટિવમાં દર્શાવ્યા છે તે હવે ખૂબ જ બદલી ગયેલા અને વિકૃત થઈ ગયેલા શહેરી નદીઓના જળગ્રાહી વિસ્તારોમાં શી રીતે લાગુ કરી શકાય, તેનો એ અભ્યાસ કરે છે. આ લાઈફ (એલઆઈએફઈ)પ્રોજેક્ટનો હેતુ એ દેખાડવાનો છે કે યુરોપનાં ઘણાં શહેરો અને નગરોમાં પાણીના વહીવટની જે એકસમાન સમસ્યાઓ છે તેમાં જુદાં જુદાં સાધનો અને ટેકનિકોનો સુચારૂ અને સંકલિત ઉપયોગ શી રીતે કરી શકાય.

1½ દિવસની આ વર્કશોપમાં પ્રોજેક્ટનાં ત્રણ મુખ્ય ઘટકો વિશે રિપોર્ટ રજૂ થશેઃ

- જળગ્રાહી વિસ્તારની જી.આઈ.એસ. આધારિત આયોજન પદ્ધતિ
- શહેરી નદીઓ માટે બીજાં સ્થળોએ ઉપયોગમાં લઈ શકાય તેવા સસ્ટેનેબલ ઈંડીકેટર્સ (સ્વીકારવા યોગ્ય દર્શકો)
- શહેરી નદીઓના વહીવટ અને આયોજનમાં નાગરિકો અને રસ ધરાવનારાઓની ભાગીદારી.

વર્કશૉપ દરમિયાન ટેમના જળગ્રાહી વિસ્તારની મુલાકાતો યોજાશે અને પ્રોજેક્ટ વિશે કેટલાય અભ્યાસપત્રો રજૂ થશે અને વિસ્તૃત ચર્ચાવિચારણાની ઘણીયે તકો મળશે. તે ઉપરાંત જીઆઈએસ આધારિત આયોજન પદ્ધતિનું નિદર્શન પણ કરવામાં આવશે. વર્કશૉપમાં ડેલીગેટોનાં પોસ્ટરો રજૂ કરવાની એક બેઠક પણ યોજાશે.

વર્કશૉપ બર્મિંગહામ(યુકે)માં યોજાશે. એમાં વિના ખર્ચે ભાગ લઈ શકાશે. ડેલીગેટોએ એમાં ભાગ લેવા માટે પ્રવાસ અને રહેવાની વ્યવસ્થા જાતે જ કરવી પડશે. પરંતુ, વર્કશૉપ સુધી પહોંચવામાં મુશ્કેલી અનુભવતા હશે તેમને પ્રોજેક્ટ એમના મુસાફરી ખર્ચમાં ફાળો આપી શકશે.

વર્કશૉપમાં રસ હોવાનું પ્રદર્શિત કરવા અને વર્કશૉપ અથવા એસએમયુઆરએફ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી મેળવવા માટે સંપર્ક કરોઃ


માર્ક સ્કૉટ, પ્રોજેક્ટ મેનેજર (એસએમયુઆરએફ)
Environment Agency, Riversmeet House, Northway Lane, Newtown Industrial Estate, Tewkesbury, Glos., GL20 8JG.
ફોનઃ +44 (0)1684 850951; ફેક્સઃ +44 (0)1684 293599
ઈ-મેઈલઃ mark.scott@environment-agency.gov.uk


પ્રોજેક્ટ વિશેની વધુ માહિતી www.smurf-project.info પરથી મળી શકશે.